જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,૨૫૬૩૦૩૦૦,૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૮/૫/૨૦૧૫ શુક્રવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

શહેર પોલીસ ધ્વારા કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ- સમાચાર યાદી નં.૯૩૩ /૧૫

ક્રાઇમબ્રાન્ચ :-

"અમદાવાદ શહેર બહાર આવેલ લગ્ન પ્રસંગે પાર્ટી પ્લોટની બહાર પાર્ક કરેલ ફોર વ્હીલ વાહનોનાં કાચ તોડી ફોરવ્હીલ વાહનમાંથી રોકડા નાણા ૭,૦૦,૦૦૦/- ની ચોરી માં સંડોવાયેલ છારા ગેંગનાં સુરજ ઉર્ફે રવિ દિવાકરને રોકડ રકમ રૂપીયા ૪,૦૦,૦૦૦/- તથા લેપટોપ ચોરીનાં મુદ્દામાલ સાથે ઝડપી પાડતી ક્રાઇમ

અમદાવાદ શહેર વિસ્તારમાં બનતાં મિલ્કત સબંધી ગુનાઓ શોધી કાઢવા સારૂ નાયબ પોલીસ કમિશનરશ્રી દિપન ભદ્રન સાહેન તથા મદદનીશ પોલીસ કમિશનર એમ.ડી.ચૌધરી સાહેબ નાઓએ આપેલ સુચના અનુસંધાને ક્રાઇમ બ્રાન્ચનાં પો.ઇ.શ્રી જે.એમ.યાદવ નાઓના માર્ગદર્શન મુજબ પો.સ.ઇ.શ્રી જે.એન.ઝાલા તથા પો.સ.ઇ.શ્રી એચ.પી.કરેણ તથા સ્ટાફનાં માણસો સાથે પેટ્રોલીંગ માં હતા અને પેટ્રોલીંગ ફરતાં ફરતાં સરદારનગર કોતરપુર ત્રણ રસ્તા ખાતે આવતાં સાથેનાં હે.કો.હર્ષદકુમાર મનોહરભાઇનાઓએ આપેલ બાતમી આધારે સુરજ ઉર્ફે રવિ સાઓ આશારામ દિવાકર (રહે.હરેશભાઇના મકાનમાં, મોચીપાડા, કુબેરનગર, સરદારનગર, અમદાવાદ શહેર) નાનો ચોરી કરેલ રોકડ નાણા રૂપિયા ૪,૦૦,૦૦૦/- તથા ચોરી કરેલ લેપટોપનાં મુદ્દામાલ સાથે ઝડપી લઇ કણભા પોલીસ સ્ટેશનનો ગુનો શોધી કાઢેલ છે અને તેની વધુ પુછપરછ કરતાં તેણે આ ચોરી તેના સાથીદાર પ્રફુલ છારા તથા હીતુ છારા સાથે મળી નરોડા દહેગામ રોડ ઉપર એણાસર ગામ પાસે આવેલ પાર્ટી પ્લોટના બહાર ભાગે અંધારામાં પાર્ક કરેલ ગાડીઓ માની ત્રણ ગાડીના કાચ તોડી તેમાથી ચોરી કરેલાનુ કબુલ કરેલ છે અને ક્રાઈમ બ્રાંચ ધ્વારા બીજા બે આરોપીઓની શોધખોળ ચાલુ છે આ આરોપી અગાઉ સરદારનગર પો.સ્ટે.માં ઘરફોડ ચોરીમાં તથા એલીસબ્રીજ પોલીસ સ્ટેશનમાં ચોરીનાં ગુનામાં પકડાયેલ છે.

## કડી વિસ્તારમાં એક માસ પહેલાં રોકડ રૂપિયા ૧,૫૦,૦૦૦/- ની ચીલઝડપ કરનાર બે આરોપીઓને મોટર સાયકલ સાથે ઝડપી પાડતી ક્રાઇમ બ્રાન્ચ,

અમદાવાદ શહેર ક્રાઇમ બ્રાન્ચનાં જોઇન્ટ કમિશ્નર શ્રી તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી નાઓએ અમદાવાદ શહેર વિસ્તારમાં બનતાં મિલકત સંબંધી ગુન્હાઓને શોધી કાઢવા સારૂ તથા અટકાવવા સારૂ, તેમજ વોન્ટેડ આરોપીઓને શોધી કાઢવાસારૂ સુચનાઆપેલજેઅનુસધાનેક્રાઇમબ્રાંચ ના પોલીસ ઇન્સ્પેકટર બી.પી.રોજીયા સાહેબ તથા સ્કોડના પો.સબ.ઇ.એસ.બી.ઝાલા તથા સ્કોડ ના માણસો સાથે અમદાવાદ શહેર વીસ્તાર મા પેટ્રોલીંગ મા હતા દરમ્યાન સ્કોડ ના માણસો ને મળેલ બાતમી હકીકત આધારે નરોડા સૈજપુર ટાવર પાસે થી આરોપીઓ ૧.ચન્દ્રકાંત ઉર્ફે સોનુ જયંતીભાઈ તમચંચે તથા ૨.રાકેશ ભીમાભાઈ ડુમેકર બન્ને રહે, છારાનગર કુબેરનગર અમદાવાદ. નાઓને રોકડ રુપીયા ૯૦,૦૦૦ તથા ગુન્હા માં વપરાયેલ યુનીકોર્ન હોન્ડા મોટર સાયકલ નંબર જીજે-૦૧-એનએચ-૨૦૬૩ કી.રુ.૨૦,૦૦૦ સાથે ઝડપી પાડેલ છે.

આરોપીઓની પુછપરછ દરમ્યાન તેઓ વર્ષોથી છારાનગર માં રહેછે અને ચોરી ના સખ્યાંબધ ગુન્હાઓ મા સંડોવાયેલ છે તેમજ મુંબઈ,દીલ્હી,બેગ્લોર,કલકત્તા તેમજ હેદરાબાદ જેવા મોટા શહેરો મા પણ નજર ચુકવી ચોરી કરવાના ગુન્હાઓમા પકડાઈ ચુકેલ છે. આ બનેં આરોપીઓ ગઈ તા.૧૦/૦૪/૨૦૧૫ નાં રોજ સવારે ઉપરોક્ત મોટર સાયકલ લઈ કડી ગયેલા અને ત્યાં પેટ્રોલ પંપ પાસેનાં ગલ્લા પાસે એક સેન્ટ્રો ગાડી વાળો માણસ પૈસા ગણી રહેલ હોય તેની ઉપર નજર રાખેલ અને આ માણસે પૈસા બેગ મા મુકેલા તે પછે ગાડી લઈ નીકડેલ અને છત્રાલ વાળા રોડે જતા ઉપરોક્ત બન્ને આરોપીઓએ મોટર સાયકલ લઈ પીછો કરી સેન્ટ્રોગાડી ને ઓવર ટેક કરી ગાડી ઉભી રખાવી ગાડીચાલક સાથે કેવીરીતે ગાડી ચલાવો છો પાછળ બેસેલ મારા માણસ નેં પગે વગાળ્યુ છે તેમ કહી ગાડી ચાલક નેં ગાડી માંથી નીચે ઉતારી તેનુ ધ્યાન બીજે દોરી તે દરમ્યાણ આરોપી રાકેશે સેન્ટ્રો ગાડી માંથી પૈસા ભરેલી બેગ કાઢી લઈ બન્ને આરોપીઓ મોટર સાયકલ લઈ ભાગી ગયેલ.જે ઉપરોક્ત બનાવ બાબતે ગુન્હો કડી પોલીસ સ્ટેશન મા દાખલ થયેલ છે જેથી આરોપીઓ તેમજ મુદ્દામાલ કડી પોલીસ સ્ટેશન ખાતે સોંપવા તજવીજ હાથ ધરવામાં આવેલ છે.

(ઇ.ચા.)નાયબ પોલીસ કમિશનર,<br>
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.<br>
પોલીસ કમિશનર વતી.